# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે યોજાયેલ પુષ્પાંજલિ, ભજન અને શહીદ વીરોની સ્મૃતિમાં મૌન દ્વારા ભાવાંજલી

સુરત મહાનગરપાલિકા દ્વારા મહાત્મા ગાંધી નિર્વાણદિન નિમિત્તે તા.૩૦/૦૧/૨૦૨૪ને મંગળવારના રોજ સવારે ૮.૩૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર, સુરત ખાતે પૂજય મહાત્મા ગાંધીજીને પુષ્પાંજલિ તથા ભજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માન.મેયરશ્રી દક્ષેશભાઇ માવાણી, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઇ મોદી, ડે.મેયર ડો.નરેશ એસ. પાટીલ, શાસક પક્ષ નેતા શ્રીમતી શશીબેન ત્રિપાઠી, વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, મ્યુનિ.અધિકારીશ્રીઓ તથા ગાંધીપ્રેમી નગરજનોએ ઉપસ્થિત રહી દેશની આઝાદી માટે આખું જીવન સમર્પી દેનાર આ યુગપુરૂષની પ્રતિમાને ચરણે પુષ્પાંજલિ સહ વંદના કરી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ શાળાના બાળકોએ પણ ગાંધી પ્રતિમાના ચરણે પુષ્પો અર્પણ કર્યા હતા. મહાત્મા ગાંધીજીને પ્રિય એવા "વૈષ્ણવ જન તો તેને રે કહીએ", "રઘુપતિ રાઘવ રાજા રામ" જેવા ભજનો દ્વારા ભાવાંજલી આપી હતી.

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શહીદ વીરોએ પોતાના પ્રાણના બલિદાન આપ્યા છે તેવા શહીદ વીરોની સ્મૃતિમાં તથા શહીદો પ્રત્યે શ્રધ્ધા-સન્માનની ભાવના જાગૃત કરવાના કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકાની કચેરીઓમાં ૩૦મી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ સાયરન વગાડી સવારે ૧૧ઃ૦૦ કલાકથી ૨ મિનિટ સુધી મૌન પાળી સ્વદેશ માટે પ્રાણની આહુતિ આપનાર શહીદ વીરો પ્રત્યેનું ઋણ અદા કરવામાં આવ્યુ હતું.

સમાચાર યાદી નં. ૫૦૫ , તા.૩૦/૦૧/૨૦૨૪, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.